અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ ના નિયમ-૧૬ અન્વયે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની પુન:રચના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:હસલ/૧૨૨૦૧૬/૧૮૦૮૪૬/હ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૦૭/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૭/૦૬/૨003 નો ઠરાવ ક્ર:હસલ-૧૦૨003-૫૬૧-હ
(૨) આ વિભાગનો તા.૧૩/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્ર:હસલ/૧૨/૨૦૧૬/૧૮૦૮૪૬/હ
(૩) આ વિભાગનો તા.૨૨/૦૨/૨૦૧૮ નો સુધારા ઠરાવ ક્ર:હસલ/૧૨/૨૦૧૬/૧૮૦૮૪૬/હ
(૪) આ વિભાગનો તા.૨૧/૦૮/૨૦૧૮ નો સુધારા ઠરાવ ક્ર:હસલ/૧૨૨૦૧૬/૧૮૦૮૪૬/હ
(૫) આ વિભાગનો તા.૧૨/૦૬/૨૦૧૯ નો સુધારા ઠરાવ ક્ર:હસલ/૧૨૨૦૧૬/૧૮૦૮૪૬/હ

પ્રસ્તાવના:-

અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ ના નિયમ-૧૬ અન્વયે માન. મુખ્યમંત્રીશ્રીન અધ્યક્ષપદે રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના વંચાણે લીધેલ ઠરાવોથી વખતોવખત કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના તા.૨૭/૦૬/૨૦૧૮ના જાહેરનામાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) (સુધારા) નિયમો, ૨૦૧૮ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મુજબ ૧૯૯૫ના નિયમોના નિયમ-૧૬માં સુધારો કરવામાં આવેલ છે, જે અન્વયે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની પુન:રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) (સુધારા) નિયમો, ૨૦૧૮ અન્વયે ૧૯૯૫ના નિયમોના સુધારેલ નિયમ-૧૬ અન્વયે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | માન. મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | માન. મંત્રીશ્રી, નાણાં | સભ્યશ્રી |
| (૩) | માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| (૪) | માન. મંત્રી શ્રી, શિક્ષણ | સભ્યશ્રી |
| (૫) | માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ | સભ્યશ્રી |
| (૬) | માન. વિરોધપક્ષના નેતાશ્રી | સભ્યશ્રી |
| (૭) | માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગૃહ | સભ્યશ્રી |
| (૮) | માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ | સભ્યશ્રી |
| (૯) | મુખ્ય સચિવશ્રી | સભ્યશ્રી |
| (૧૦) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, ગૃહ | સભ્યશ્રી |
| (૧૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય સચિવશ્રી |
| (૧૨) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી આદિજાતિ વિકાસ | સભ્યશ્રી |
| (૧૩) | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| (૧૪) | નિયામકશ્રી, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, અમદાવાદ | સભ્યશ્રી |
| (૧૫) | નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ | સભ્યશ્રી |
| (૧૬) | કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્યશ્રી |
| (૧૭) | શ્રી વિનોદ ચાવડા, સંસદ સભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૮) | ડૉ. કિરીટભાઈ સોલંકી, સંસદ સભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૯) | શ્રીમતી ગીતાબેન રાઠવા, સંસદ સભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૦) | શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૧) | શ્રી લાખાભાઈ સાગઠીયા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૨) | શ્રીમતી મનિષા વકીલ, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૩) | શ્રી કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૪) | શ્રી મોહનભાઇ ઢોડીયા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૫) | શ્રી અરવિંદભાઈ છોટુભાઈ પટેલ, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |

૨. ઉપર્યુક્ત સમિતિ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ, રાહત તથા અત્યાચારનો ભોગ બનેલને પૂરી પાડેલ પુન:વસન સુવિધાઓની સમીક્ષા, અધિનિયમ હેઠળના કેસોની કાર્યવાહી, અધિનિયમની જોગવાઇઓના અમલીકરણ માટે જવાબદાર વિવિધ સમિતિઓની/ અધિકારીઓની ભૂમિકા તથા રાજ્ય સરકારને મળેલ વિવિધ અહેવાલોની સમીક્ષા કરવા માટે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને કેલેન્ડર વર્ષ દરમિયાન ઓછામાં ઓછું બે વાર એટલે કે જાન્યુઆરી અને જુલાઇ માસમાં મળશે.

૩. આ ઠરાવની અન્ય શરતો/જોગવાઈઓ ક્રમાંક(૧) માં વંચાણે લીધેલ આ વિભાગના તા.૧૭/૦૬/૨૦૦૩ ના ઠરાવ મુજબની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ બલદાણિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
(૨) માન મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર.
(૩) માન. સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સરદારભવન, ગાંધીનગર.
(૪) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
(૫) માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
(૬) સમિતિના તમામ સભ્યશ્રીઓ
(૭) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર
(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૯) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૦) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સરદારભવન, ગાંધીનગર.

(૧૧) પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ

(૧૨) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

(૧૩) સર્વે જિલ્લા પોલીસ કમિશ્નરશ્રીઓ

(૧૪) સર્વે તકેદારી અધિકારીશ્રીઓ નિયામકશ્રી, અ.જા.ક. મારફતે

(૧૫) સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ

(૧૬) નાણાં શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદારભવન, ગાંધીનગર.

(૧૭) કમિશ્નરશ્રી, માહિતી ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૮) સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદારભવન, ગાંધીનગર.

(૧૯) સચિવાલયના સર્વે વિભાગો

(૨૦) સેક્શન અધિકારીશ્રી (કો.સેલ), વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.

(૨૧) સિલેક્ટ ફાઇલ-૨૦૨૧